| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૨૦/૦૧/૨૦૨૦ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૦/૨૦૨૦**

# લુંટ તથા ધાડના આરોપીની અટકાયત

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

## ચાંદખેડા પોલીસ સ્ટેશનના લુંટ તથા ધાડના ગુનાનો નાસતો-ફરતો આરોપીને ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

મે.પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમી.શ્રી સેકટર-૧ શ્રી, અમદાવાદ શહેર તથા નાયબ પો.કમી.શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમી.શ્રી "ક" વિભાગ સાહેબનાઓની સુચનાથી પોલીસ ઇન્સપેકટરશ્રી પી.એમ. ગામીત ઘાટલોડીયા પોલીસ સ્ટેશનનાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ જે આધારે મિલ્કત સબંધી ગુનાઓ શોધવા માટે સર્વેલન્સ પો.સબ.ઇન્સ. પી.આર. ગામીત તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અનાર્મ હે.કોન્સ. અમીતકુમાર ગણેશભાઇ બ.નં-૪૫૯૬ તથા અનાર્મ પો.કો. વિપુલભાઇ બીજલભાઇ બ.નં-૧૦૨૭૮ તથા અનાર્મ લોકરક્ષક સાગરભાઇ નારણભાઇ બ.નં-૭૦૯૪ નાઓને મળેલ બાતમી આધારે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં-૯૩/૨૦૧૯ ધી ઇ.પી.કો. કલમ ૩૯૫, ૩૯૭, ૧૧૪ મુજબના ગુનાનો નાસતો-ફરતો આરોપી દિપક ઉર્ફે કાલુ સ/ઓ પુરણમલ બુદાજી બોહરા (રેગર મારવાડી) ઉ.વ.૨૦ ધંધો-નોકરી રહે-મ.નં-૩૦૨, સેકટર-૨, પુરૂષોત્તમનગરની બાજુમાં, ચાણક્યપુરી, અમદાવાદ શહેર મુળ વતન ગામ-ડુંગરીયા તા-પુષ્કર જી-અજમેર રાજસ્થાનનાને પકડી પાડી સદર આરોપીને આજરોજ તા-૨૦/૦૧/૨૦૨૦ ના કલાક ૧૫/૦૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(આઇ) મુજબ પકડી અટક કરવામાં આવેલ છે તેમજ આગળની વધુ તપાસ અર્થે આરોપીનો કબ્જો ચાંદખેડા પોલીસ સ્ટેશન સોંપવાની તજવીજ કરેલ છે.


ઘાટલોડીયા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

# વિદેશીદારુના ગુનાઓમાં બે વર્ષથી વોન્ટેડ આરોપીની અટકાયત

## નારોલ પોલીસ સ્ટેશન :

## નારોલ પોલીસ સ્ટેશનના વિદેશીદારુના ગુનામાં બે વર્ષથી વોન્ટેડ આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન આધારે ઇન્સપેકટર એસ.એ.ગોહીલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવા સારુ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ. જે.એસ.ચૌધરી તથા પો.કો.યોગેશકુમાર ભગવતપ્રસાદ બ.નં.૬૩૬૦ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ તથા પો.કો.અસ્લમબેગ નશરુબેગ બ.નં.૫૪૨૩ તથા બીજા સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ઈસનપુર ચાર રસ્તા પાસે આવતાં સાથેના પો.કો.યોગેશકુમાર ભગવતપ્રસાદ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ નાઓને ખાનગી રાહે સંયુકત બાતમી હકિકત મળેલ કે "નારોલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૦૪૯/૨૦૧૮ ધી પ્રોહી. એકટ કલમ. ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાનો વોન્ટેડ આરોપી રાહુલદેવ જગદીશચંદ્ર મિસ્ત્રી રહે.વિષ્ણુ સોસાયટી હિંમતનગર સાબરકાંઠા નાનો અત્રે થઈ વટવા તરફ જવાનો છે. જેણે શરીરે રાખોડી કલરનો શર્ટ તથા વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે." જે બાતમી હકિકત આધારે વોચમાં રહેતાં વોન્ટેડ આરોપી રાહુલદેવ સન/ઓફ જગદીશચંદ્ર જાતે સથવારા (મિસ્ત્રી) ઉ.વ-૩૫ ધંધો- ડ્રાઈવીંગ રહે-એ/૫૩, વિષ્ણુ સોસાયટી, મહાવીરનગર, હિંમતનગર જી-સાબરકાંઠા હાલ રહે.મ.નં.એ/૨૫/3, ગોકુલ ગેલેક્ષી, તળાવ પાસે, કઠવાડા ગામ નરોડા અમદાવાદ શહેર નાનો મળી આવતાં સદરી આરોપીને નારોલ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૦૪૯/૨૦૧૮ ધી પ્રોહી. એકટ કલમ. ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનામાં તા.૧૯/૦૧/૨૦૨૦ ના કલાક ૨૦/૩૦ વાગે પકડી અટક કરી નારોલ પોલીસ સ્ટેશનના વિદેશીદારુના ગુનામાં બે વર્ષથી વોન્ટેડ આરોપીને પકડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.




# મોબાઇલ ચોરીના અનડીટેક્ટ ગુના આરોપીની અટકાયત

## કારંજ પોલીસ સ્ટેશન

## મોબાઇલ ચોરીના અનડીટેક્ટ ગુનાનો ભેદ ઉકેલતી કારંજ પોલીસ

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી “સી” ડિવીઝન નાઓએ મિલ્કત સબંધી/વાહન ચોરી ગુના શોધી કાઢવા કરેલ સુચના આધારે કારંજ સે.પો.ઇન્સ. શ્રી એમ.એ.તળપદા સા.ના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટેના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. આર.આર.ગરચર તથા અ.હે.કો બાબુભાઈ હોથાભાઈ બ.નં ૮૮૪૧ તથા અ.હે.કો ગણપતભાઈ અમરાભાઈ બ.નં.૩૬૦૩ તથા અ.પો.કો. કલ્પેશકુમાર ભેમજીભાઇ બ.નં.૬૨૯૧ તથા અ.પો.કો. દિનેશભાઇ ગલબાભાઇ બ.નં.૫૭૨૦ તથા અ.પો.કો. ગોપાલભાઇ રમેશભાઇ બ.નં.૯૫૦૨ તથા પો.કો. ખોડુભા કનુભા બ.નં.૮૮૮૩ નાઓ સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન અ.હે.કો બાબુભાઈ હોથાભાઈ તથા અ.પો.કો. કલ્પેશકુમાર ભેમજીભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે આરોપી નામે વિશાલબહાદુર S/O ગંગબહાદુર અમરબહાદુર (નેપાળી) જાતે-થાપા ઉ.વ.૩૮ ધંધો-નોકરી હાલ રહે, સતાક્ષી પાવભાજીની દુકાનમાં ભાઈપુરા પાસે હરીપુરા શાકમાર્કેટ આગળ મુળવતન-ગામ લેખફરસા જી,સુરખેત નેપાળ વાળાને પકડી મુદ્દામાલ એક મોબાઈલ ફોન રેડમી કંમ્પનીનો એ-૬ મોડેલનો જેનો IMEI નં.૮૬૭૬૨૧૦૪૯૭૩૮૦૮૬ જેમાં વોડાફોન કંપનીનું સીમ કાર્ડ જેનો નં.૯૭૧૨૩૯૨૯૦૭નો છે.જે મો.ફોનની કિં.રૂ.૩,૦૦૦/-ગણી શકાય તે કબ્જે કરી આરોપીને અટક કરી કારંજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૬૯/૨૦૧૯ IPC કલમ ૩૭૯ મુજબના કામે ચોરીમાં ગયેલ મુદ્દામાલ કિં.રૂ.૪૭,૦૦૦/-ના ગુનાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

તા.૧૯/૦૧/૨૦૨૦



# " SHE TEAM " ટીમ શાહીબાગ પોલીસ સ્ટેશન

## શાહીબાગ પોલીસ સ્ટેશન :

## ગુમ થયેલ બાળકી  શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મળી આવતા તેના વાલી વારસ ને પરત સોંપતી " સી " ટીમ શાહીબાગ પોલીસ સ્ટેશન

માન.પોલીસ કમિશનર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશરશ્રી, સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, " એફ " ડિવિઝન, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એ.કે.પટેલ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ શાહિબાગ પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતે તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ SHE TEAM દ્વારા પેટ્રોલીંગ ફરતા ફરતા સિવિલ હોસ્પિટલ ખાતે આવતા એક  બાળકી નામે કાજલ ઉ.વ.૧૪ ની મળી આવતા જેની પુછ્પરછ કરતા તેને જણાવેલ કે   " તેણીની તેમના દાદી સાથે મોટાવાસ, ગામ: રણાસણ, તા.વિજાપુર, જિ.મહેસાણા વાળા સરનામે રહે છે અને આજરોજ બપોરના ઘરે તેના દાદીએ કામ બાબતે ઠપકો આપતાં ઘરેથી કોઇને કહ્યા વગર નિકળી ગયેલ અને પોતાના ગામથી  બસમાં બેસી અમદાવાદ સીવીલ ઉતરેલ અને આમતેમ આંટા મારતી  હતી તે વખતે પોલીસ જોઇ જતાં અત્રે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે લાવેલ અને તેને તેના મોટાબાપા રાજેન્દ્રકુમાર મંગળદાસ રાવલ ઉ.વ.૫૭, રહે.સી/૫૦૭, રાધીકા વિહારસોસાયટી, નવા નરોડા ખાતે રહેતા હોય અને તેમનો મોબાઇલ નંબર જણાવતી હોય જે નંબર આધારે સંપર્ક કરી તેઓને બોલાવી ખરાઇ કરી નિવેદન મેળવતાં આ કાજલ નાની તેમના નાનાભાઇ મહેશભાઇની દિકરી થતી હોય અને હાલમાં તે ઉપર જણાવેલ સરનામે ગામડે રહેતી હોય આ કાજલને કામ બાબતે ઘરેથી દાદીએ ઠપકો આપતાં ઘરેથી નિકળી ગયેલ છે અને આ સિવાય અન્ય કોઇ કારણ નહી હોવાનું જણાયેલ જેથી કાજલના મોટાબાપા રાજેન્દ્રકુમાર મંગળદાસ રાવલ ઉ.વ.૫૭, રહે.સી/૫૦૭, રાધીકા વિહારસોસાયટી, નવા નરોડા નાઓ લઇ જવા માંગતા હોય કાજલનો કબ્જો તેઓને સોંપી વિગતવારનું નિવેદન મેળવી પ્રશંશનીય કામગીરી કરેલ છે.

